# આમંત્રણ પત્રિકા

**પરમ ઉપકારી પરમ પૂજ્ય શ્રી લઘુરાજસ્વામી ( પ્રભુશ્રીજી ) નિર્વાણ અમૃત પંચાહ્નિકા મહોત્સવ**

**વિક્રમ સંવત્ ૨૦૬૭ વૈશાખ સુદ ૫ થી વૈશાખ સુદ ૯, તા. ૮-૫-૨૦૧૧ રવિવાર થી તા. ૧૨-૫-૨૦૧૧ ગુરુવાર સુધી**



"આ જગ્યા કેવી છે, જાણો છો ? દેવસ્થાનક છે ! અહીં જેણે આવવું તેણે લૌકિકભાવ બહાર,
દરવાજા બહાર મૂકીને આવવું, અહીં આત્માનું યોગબળ વર્તે છે." ( ઉપદેશામૃત પૃ. ૨૬૯ )

## "પરમ ઉપકારી પરમ પૂજ્ય શ્રી લઘુરાજસ્વામી (પ્રભુશ્રીજી) નિર્વાણ અમૃત મહોત્સવ"

### ચઢાવાની યાદી

ઉત્સવમાં વૈશાખ સુદ ૮ને બુધવાર, તા. ૧૧/૫/૨૦૧૧ ના રોજ નીકળનાર ધર્મયાત્રાના ચઢાવાની વિગત.
**(આ ચઢાવા મહોત્સવ દરમ્યાન વૈશાખ સુદ ૬, તા. ૯/૫/૨૦૧૧ અને વૈશાખ સુદ ૭, તા. ૧૦/૫/૨૦૧૧ ના રોજ સવાર, બપોર અને સાંજની ભક્તિમાં બોલાશે.) ચઢાવો બોલવાનો ક્રમ ફેરફારને આધીન છે.**

૧. ઇંદ્રધ્વજા

૨ અને ૩ જુદા-જુદા ઘોડા ઉપર છડી લઈને બેસવાનું.

૪ અને ૫ જુદા-જુદા ઘોડા ઉપર ચોઘડીયાં (ડંકા-નિશાન) લઈને બેસવાનું.

૬ થી ૯ ચાર જુદા-જુદા ઘોડા ઉપર બેસવાનું.

૧૦. દૂધની ધારા ભગવાનની આગળ

૧૧ થી ૧૩ જુદી-જુદી ઝાલર લઈને ભગવાનની આગળ વગાડતાં-વગાડતાં ચાલવાનું.

૧૪ અને ૧૫ ચામર લઈને ભગવાનની જમણી બાજુ અને ડાબી બાજુ બેસવાનો ચઢાવો.

૧૬. વરઘોડામાં ભગવાનની સાથે દીપક લઈને ચાલવાનો ચઢાવો

૧૭. વરઘોડામાં ભગવાનની સાથે ધૂપ લઈને ચાલવાનો ચઢાવો

૧૮. ભગવાનના પ્રતિમાજીને રથમાં પધરાવી વરઘોડામાં સાથે ફરવાનો ચઢાવો

૧૯. ભગવાનના રથના સારથીનો ચઢાવો

૨૦. વરઘોડો પાછો ફરે ત્યારે ભગવાનને વધાવી દેરાસરમાં પધરાવવાનો ચઢાવો

૨૧. હાથી-૧: 'વચનામૃત' (ચાંદીના પતારાથી મઢાવેલ) લઈ હાથી પર બેસી વરઘોડામાં ફરવાનો ચઢાવો. (ચઢાવો બોલનારને આ વચનામૃત ભેટ આપવામાં આવશે.)

૨૨. હાથી-૨: 'ઉપદેશામૃત' (ચાંદીના પતારાથી મઢાવેલ) લઈ હાથી પર બેસી વરઘોડામાં ફરવાનો ચઢાવો. (ચઢાવો બોલનારને આ ઉપદેશામૃત ભેટ આપવામાં આવશે.)

૨૩. હાથી-૩: 'બોધામૃત ભાગ-૧' (ચાંદીના પતારાથી મઢાવેલ) લઈ હાથી પર બેસી વરઘોડામાં ફરવાનો ચઢાવો. (ચઢાવો બોલનારને આ બોધામૃત ભાગ-૧ ભેટ આપવામાં આવશે.)

૨૪. હાથી-૪: 'સદ્‌ગુરુપ્રસાદ' (ચાંદીના પતારાથી મઢાવેલ) લઈ હાથી પર બેસી વરઘોડામાં ફરવાનો ચઢાવો. (ચઢાવો બોલનારને આ સદ્‌ગુરુપ્રસાદ ભેટ આપવામાં આવશે.)

૨૫. હાથી-૫: પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીની દેરીમાં સ્થાપિત ચરણપાદુકાની ચાંદીમાં બનાવેલ પ્રતિકૃતિ લઈ હાથી પર બેસી વરઘોડામાં ફરવાનો ચઢાવો.(ચઢાવો બોલનારને આ પ્રતિકૃતિ ભેટ આપવામાં આવશે.)

૨૬ થી ૪૦ બગી-૧ થી ૧૫ : પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીના વિવિધ અવસ્થાઓના અલગ-અલગ મુદ્રાઓના ચિત્રપટ લઈ બગીમાં બેસી વરઘોડામાં ફરવાનો ચઢાવો. (ચઢાવો બોલનાર દરેકને તે ચિત્રપટની નાની પ્રતિકૃતિ ચાંદીની ફ્રેમમાં બનાવી-ભેટરૂપે આપવામાં આવશે.)

૪૧. મઝદા-૧: પરમકૃપાળુદેવનું ચિત્રપટ લઈ વરઘોડામાં ફરવાનો ચઢાવો.

૪૨. મઝદા-૨: પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીનું ચિત્રપટ લઈ વરઘોડામાં ફરવાનો ચઢાવો.

૪૩. મઝદા-૩: પૂ. શ્રી બ્રહ્મચારીજીનું ચિત્રપટ લઈ વરઘોડામાં ફરવાનો ચઢાવો.

૪૪. મઝદા-૪: સીમરડાના મંદિરમાં સં. ૧૯૭૬ના કારતક સુદ-૧૫ના દિવસે પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીએ સ્વહસ્તે પરમકૃપાળુદેવના ચિત્રપટની સ્થાપના કરી હતી, તે ચિત્રપટ તથા પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીએ સ્વહસ્તે પોતાના ચિત્રપટની સ્થાપના કરી હતી, તે બન્ને ચિત્રપટ લઈ વરઘોડામાં ફરવાનો ચઢાવો.

૪૫. મઝદા-૫: પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીના નિવાસસ્થાનનું ચાંદીનું મોડલ લઈ વરઘોડામાં ફરવાનો ચઢાવો. (ચઢાવો બોલનારને આ મોડલ ભેટ આપવામાં આવશે.)

૪૬. મઝદા-૬: પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીના અગ્નિસંસ્કાર સ્થાને બનેલ સ્મારકની પ્રતિકૃતિ (ચાંદીમાં બનેલ મોડેલ)ને લઈ વરઘોડામાં ફરવાનો ચઢાવો. (ચઢાવો બોલનારને આ મોડેલ ભેટ આપવામાં આવશે.)

૪૭ થી ૧૨૧ મઝદાનં. ૭ થી ૧૧: પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીના નિર્વાણને ૭૫ વર્ષ પૂરાં થતાં હોઈ તેને અનુલક્ષીને પૂ. પ્રભુશ્રીજીની દેરીની પ્રતિકૃતિ (ચાંદીમાં બનાવેલ) ૭૫ દેરી લઈ વરઘોડામાં ફરવાનો ચઢાવો. (ચઢાવો બોલનાર દરેકને આ દેરી ભેટ આપવામાં આવશે. આ ચઢાવો ભાઈઓ/બહેનો લઈ શકશે. આ ચઢાવો બોલનારને મઝદામાં બેસવાનું છે.)ા

૧૨૨ થી ૧૯૬ પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીના નિર્વાણને ૭૫ વર્ષ પૂરાં થતાં હોઈ તેને અનુલક્ષીને રત્નજડિત ગોલ્ડ પ્લેટેડ સુશોભિત મંગળ કળશ નંગ-૭૫ ના ચઢાવા. (ચઢાવા બોલનાર દરેકને મંગળ કળશ ભેટરૂપે આપવામાં આવશે.)

**નોંધ:**—(૧) એક હાથી ઉપર ૪ જણ બેસી શકશે. (૨) એક બગીમાં ૪ વ્યક્તિ બેસી શકશે. (૩) એક મઝદામાં ૨૦ વ્યક્તિ બેસી શકશે.

### અન્ય ચઢાવા

(૧) ઉત્સવના પાંચેય દિવસ દરમ્યાન સાત ચિત્રપટોને હાર ચઢાવવાના ચઢાવા વહેલી સવારની ભક્તિ દરમિયાન-બે સ્તવન પછી બોલાશે. (૨) આરતી-દીવાના ચઢાવા નિયમિત બોલાય છે તેમ બોલાશે.

## પરમ ઉપકારી પરમ પૂજ્ય શ્રી લઘુરાજસ્વામી (પ્રભુશ્રીજી) નિર્વાણ અમૃત પંચાહ્નિકા મહોત્સવ



તીર્થ શિરોમણી શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસના અધિષ્ઠાતા પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીના અગ્નિસંસ્કાર સ્થાને બનેલ દેરી.

**"કૌન ઉતારે પાર, પ્રભુ બિન, કૌન ઉતારે પાર?
ભવોદધિ અગમ અપાર, પ્રભુ બિન, કૌન ઉતારે પાર?"**

**"શ્રદ્ધા એક ઉપર કરવી. જ્યાં ત્યાં શ્રદ્ધા કરશો તો માર્યા જશો. સ્વરૂપને પામેલા એક પરમકૃપાળુ ઉપર શ્રદ્ધા થશે તો જપ, તપ, ક્રિયા માત્ર સફળ થઈ, મનુષ્યભવ સફળ થયો, દીવો થયો, સમકિત થયું સમજજો."** પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજી (ઉપદેશામૃત પૃ. ૩૮૨)

# મહોત્સવનો વિશેષ કાર્યક્રમ

## શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમના નિયત ભક્તિ - સત્સંગના દૈનિક કાર્યક્રમ ઉપરાંત

| | | | | |
|---|---|---|---|---|
| વૈશાખ સુદ ૫ | રવિવાર | તા. ૮-૫-૨૦૧૧ | સવારે ૮-૪૫ થી ૧૨-૦૦ | શ્રી બાર ભાવનાની પૂજા |
| વૈશાખ સુદ ૬ | સોમવાર | તા. ૯-૫-૨૦૧૧ | સવારે ૮-૪૫ થી ૧૨-૦૦<br>બપોરે<br>રાત્રે | શ્રી નવપદજીની પૂજા, વરઘોડાના ચઢાવા<br>ભક્તિ, વાંચન તથા વરઘોડાના ચઢાવા<br>ભક્તિ, વાંચન તથા વરઘોડાના ચઢાવા |
| વૈશાખ સુદ ૭ | મંગળવાર | તા. ૧૦-૫-૨૦૧૧ | સવારે ૮-૪૫ થી ૧૨-૦૦<br>બપોરે<br>રાત્રે | શ્રી પંચકલ્યાણકની પૂજા તથા વરઘોડાના ચઢાવા<br>ભક્તિ, વાંચન તથા વરઘોડાના ચઢાવા<br>ભક્તિ, વાંચન તથા વરઘોડાના ચઢાવા |
| વૈશાખ સુદ ૮ | બુધવાર | તા. ૧૧-૫-૨૦૧૧ | સવારે ૮-૩૦ થી ૧૨-૦૦<br>બપોરે ૨-૦૦ થી ૪-૩૦<br>રાત્રે ૭-૦૦ થી ૧૦-૩૦ | શાસન પ્રભાવક વરઘોડો<br>ભક્તિ, ત્રણ માળા,આત્મસિદ્ધિ, વાંચન.<br>પ.પૂ. પ્રભુશ્રીજીના સમાધિસ્થાને ભક્તિ તથા સમાધિમરણની છત્રીસ માળા |
| વૈશાખ સુદ ૯ | ગુરુવાર | તા. ૧૨-૫-૨૦૧૧ | સવારે ૮-૪૫ થી ૧૨-૦૦<br>બપોરે ૨-૦૦ થી ૪-૩૦ | શ્રી આત્મસિદ્ધિની પૂજા<br>પ.પૂ. પ્રભુશ્રીજીના વિરહ પદો |

પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીએ સ્વમુખે જણાવેલ પોતાની મરણતિથિનું માહાત્મ્ય :—

**"જેમ આત્મસિદ્ધિનો જન્મ આસો વદ ૧નો છે; પરમકૃપાળુદેવનો જન્મ કાર્તિકી પૂનમે છે એમ એક તિથિ આ દેહ પણ પડશે ત્યારે નક્કી થશે....તે દિવસ ઉઘાડો ફૂલ જેવો પછી તો જણાશે. તે દિવસે આત્મસિદ્ધિની ભક્તિ કરવી, ઉત્સવનો દિવસ ધર્મમાં ગાળવો, અને જમણવાર થાય તે બધા જે આવે તે જમી જાય. પણ તે દિવસે મરણ-તિથિએ જમણ થાય? એમ પોતે પ્રશ્ન ઉઠાવ્યો. પોતે જ જવાબ વાળ્યો કે તે જન્મતિથિ કે મરણતિથિ નહીં પણ આત્માની તિથિ ગણવી. એટલે જમણ કરવામાં કંઈ બાધ નથી. તે એક દિવસે આત્મસિદ્ધિની ભક્તિ જે કરશે તેને હજાર ઉપવાસનું ફળ થાય તેટલો લાભ થશે. તેમાં પોસહ, જપ, તપ, સંજમ બધું આવી જાય છે."** (બો.૩ પત્રાંક ૨૭૦)

(નોંધ : મહોત્સવના વરઘોડાના ઘીના ચઢાવાની યાદી આ સાથે સંલગ્ન છે.)

ૐ

અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્ગુરુદેવ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુને અત્યંત ભક્તિથી નમસ્કાર.

**શ્રી સનાતન જૈનધર્મ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસ મધ્યે**

**શ્રીમદ્ લઘુરાજસ્વામી નિર્વાણ અમૃત પંચાહ્નિકા મહોત્સવ**

# શ્રી સંઘ આમંત્રણ પત્રિકા

**"સદ્ગુરુ ચરણ જહાં ધરે,**
**જંગમ તીરથ તેહ;**
**તે રજ મમ મસ્તક ચઢો,**
**બાલક માગે એહ."**




**"અંગૂઠે સૌ તીરથ વસતાં,**
**સંત શિરોમણિ રૂપેજી,**
**રણદ્વીપ સમ દિપાવ્યો આશ્રમ,**
**આપ અલિપ્ત સ્વરૂપેજી."**

સદ્ગુણાનુરાગી આત્માર્થી મુમુક્ષુ ભાઈ-બહેનો પ્રત્યે વિજ્ઞપ્તિ,

આપ સર્વ જાણો છો તેમ **'આ દુઃષમકાળમાં પરમશાંતિના ધામરૂપ'** ભગવાન મહાવીરના શાસનોદ્ધારક, યુગપ્રધાન, આરાધ્યદેવ, જ્ઞાનાવતાર, પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુએ આ ભયંકર દુઃષમકાળમાં મોટે ભાગે લુપ્ત જેવા શ્રી સર્વજ્ઞ પ્રણીત શાશ્વત આત્મધર્મ-મોક્ષમાર્ગને પ્રગટ કરી આપણા ઉપર અનન્ય ઉપકાર કર્યો છે. તે આત્મધર્મને પરમકૃપાળુદેવની હાજરીમાં જ પ્રગટ કરી પરમ કારૂણ્યવૃત્તિથી ભવ્ય જીવોના કલ્યાણ અર્થે ચરોતર ભૂમિમાં વિચરી જેણે વહેતો કર્યો એવા શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમના સંસ્થાપક, અધિષ્ઠાતા પરમ પૂજ્ય મુનિશ્રી લઘુરાજ સ્વામી (પ્રભુશ્રીજી)નો પરમ ઉપકાર પણ કોઈ રીતે વાળી શકાય તેમ નથી.

**"આ કળિકાળ જેવા દુઃષમકાળમાં આપણા જેવા રંક જનોને પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુનું શરણ મળ્યું છે, તે ચમત્કારી અલૌકિક વાત છે; પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીનો તે પરમ ઉપકાર છે."** (બોધામૃત-૩, પત્રાંક ૪૯૬)

પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજી પોતે ગુરુપદને યોગ્ય હોવા છતાં જણાવે છે– **"ધીંગો ધણી એક પરમકૃપાળુદેવ અમે જે કર્યો છે તે તમારા ગુરુ છે; અમે પણ તમારા ગુરુ નહીં, પણ અમે જે ગુરુ કર્યા છે તે તમારા ગુરુ છે...... અમારા અને તમારા ધણી જુદા ન કરવા. એ એક જ છે. એ ઉપર પ્રેમ કરવો, પ્રીતિ કરવી."** (ઉપદેશામૃત પૃ. ૯૬-૯૭)

આવા સર્વસંગપરિત્યાગી પ.પૂ. પ્રભુશ્રીજીએ પોતાની દશાને ગુરુપદમાં વિલીન કરી, પોતાના ગુરુના જ ગુણગાન જીવનભર કર્યાં છે અને સર્વને કરાવ્યા છે. એવા પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીને પરમકૃપાળુદેવે **'ચોથા આરાના મુનિ'** તરીકે ઓળખાવી, તેમની અદ્‌ભુત અલૌકિક આત્મદશાને નમસ્કાર કર્યા છે તે આ પ્રમાણે છે– **"પરમકૃપાળુ મુનિવર્યના ચરણકમળમાં પરમ ભક્તિથી સવિનય નમસ્કાર પ્રાપ્ત થાય."** –શ્રીમદ્ રાજચંદ્ર (પત્રાંક ૮૭૫)

તેમજ પ.પૂ. પ્રભુશ્રીજીની આત્મદશાનો પૂરાવો તેમના જ દ્વારા જુનાગઢથી લખેલ પત્રમાં સ્પષ્ટ જોવા મળે છે –

**"અત્રે કોઈ અદ્‌ભુત વિચારો અને આત્મિક સુખ અનુભવમાં આવે છે, તે કહી શકાતું નથી. અનંત શક્તિ છે, સિદ્ધિઓ છે, પૂર્વભવ પણ જણાય છે, આનંદ આનંદ વર્તે છે, એક જ શ્રદ્ધાથી ! કહ્યું - લખ્યું જતું નથી."** (ઉ. પૃ.૧૬)

**"પરમકૃપાળુદેવની શ્રદ્ધા અમારા કહેવાથી કરશે તેનું કલ્યાણ થશે...... પરમકૃપાળુદેવની ભક્તિમાં સર્વ જ્ઞાનીઓની ભક્તિ આવી જાય છે."** – (ઉપદેશામૃત પૃ.૧૩૭)

ભક્તિ કરવા માટે પરમકૃપાળુદેવે આ વિશ્વમાં સત્સંગધામની ખામી વિષે વચનામૃત પત્રાંક ૧૨૮ માં ઝૂરણા કરી છેઃ **'તેવું સ્થાન ક્યાં છે કે જ્યાં જઈને રહીએ ? અર્થાત્ તેવા સંતો ક્યાં છે, કે જ્યાં જઈને એ દશામાં બેસી તેનું પોષણ પામીએ ? ત્યારે હવે કેમ કરવું ?** – શ્રીમદ્ રાજચંદ્ર

**"આપણા માટે તો પ.પૂ. પ્રભુશ્રીજીએ એવું સ્થાન બનાવી સમાધિમરણનું થાણું થાપ્યું છે."** (બો.૩,પત્રાંક ૧૦૦૧). **"પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીએ તો આ તપોવન જેવા આશ્રમ માટે એટલા સુધી કહેલું છે કે અહીં જેનો દેહ છૂટશે તેનું સમાધિમરણ થશે."** (બો.૩, પત્રાંક-૩૬૭)

**"પ.ઉ. પ્રભુશ્રીજીએ આખર વખતે વીસ દોહરા, યમનિયમ, ક્ષમાપના એ ત્રણ નિત્યનિયમ તરીકે દરરોજ ભાવપૂર્વક બોલવા જણાવ્યું છે. આટલું જો વિશ્વાસ રાખી કરવામાં આવે તો જ્ઞાન પ્રગટ થઈ જાય તેવું છે. કાંઈ શાસ્ત્રો જાણનાર પંડિતોનો મોક્ષ થાય અને અભણનો ન થાય તેવું નથી. શ્રદ્ધાપૂર્વક આજ્ઞાનું આરાધન કરવાથી બધું થાય છે."** (બો.૧,પૃ.૯)

**"પ.પૂ. પ્રભુશ્રીજીએ જે કાર્યક્રમ આશ્રમ માટે ગોઠવ્યો છે તે બહુ દીર્ઘદૃષ્ટિ વાપરી ચોક્કસ કર્યો છે. તેમાં રસ ન આવે તેટલી જીવને મુમુક્ષુતાની ખામી છે.** (બો.૩, પત્રાંક ૯૮૦)

**"પ. પૂ. પ્રભુશ્રીજીએ જ્યાં ચૌદ ચોમાસા કર્યાં છે એવા રાજગૃહી તીર્થ સમાન અગાસ આશ્રમમાં આપનો આવવાનો વિચાર છે, તે જાણી આનંદ થયો છે. હુંડાવસર્પિણી નામનો આ દુષમકાળ કહેવાય છે, તેમાં કોઈ ભાગ્યશાળીને જ આત્મહિત કરવાની ગરજ જાગે છે."**(બો.૩,પ. ૭૩૬)

આવી તપોભૂમિમાં પોતાના દેહ છૂટવાના પ્રસંગને **'મૃત્યુ મહોત્સવ'** રૂપે જણાવી આપણાથી દેહસ્વરૂપે દૂર થયાને પ.પૂ. પ્રભુશ્રીજીને આ વર્ષે ૭૫ વર્ષ પૂરા થાય છે. તે નિમિત્તે તેમના અનંત ઉપકારના સ્મૃતિરૂપે, ભાવોલ્લાસથી તેમના ગુણગાન કરવા શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસમાં વૈશાખ સુદ ૫ રવિવારથી વૈશાખ સુદ ૯ ગુરુવાર સુધી પંચ દિવસીય પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીનો નિર્વાણ અમૃત મહોત્સવ ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. તે ભવ્ય મહોત્સવના આનંદદાયક, કલ્યાણકારક, શુભ અવસર પર આપ સર્વ મુમુક્ષુ ભાઈ-બહેનોને ભક્તિ સત્સંગમાં સહભાગી થઈ પરસ્પર ભાવવૃદ્ધિ કરવા, સપરિવાર પધારવા અમારું હાર્દિક આમંત્રણ છે.


લિ. સંતચરણરજ

વિનોદરાય મણિલાલ

વિનોદરાય મણિલાલ શેઠ
પ્રમુખ, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ
સ્ટે. અગાસ, વાયા આણંદ, પોસ્ટ બોરીયા- ૩૮૮ ૧૩૦.
ફાગણ સુદ ૧૫, તા. ૧૯-૩-૨૦૧૧